# દેશમાં ચાર ક્રાંતિ લાવવાનું વડાપ્રધાનનું વચન

## બેંગ્લોરમાં વિશાળ રેલીમાં મોદીએ તમામ સળગતા મુદ્દા ઉઠાવ્યા : બ્લેક મની અંગે ટિકા કરનારાઓના મોં હવે બંધ થઇ ગયા : દેશહિતમાં કામ કરવા સરકાર કટિબદ્ધ હોવાનો દાવો

બેંગલોર,તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બેંગ્લોરમાં આયોજિત રેલીમાં પોતાના અસલ અંદાજમાં સંબોધન કરીને સરકારની એક પછી એક સિદ્ધિઓની વાત કરી હતી. સાથે સાથે સરકારની કામગીરીની પણ પ્રશંસા કરી હતી. મોદીએ બ્લેક મની ઉપર વિરોધ પક્ષના પ્રશ્નો ઉપર ટિપ્પણી કરતા કહ્યું હતું કે, સંસદમાં બ્લેક મની ઉપર બિલ લાવવામાં આવ્યા બાદ અમારી મજાક કરનાર વિરોધીઓના મો બંધ થઈ ગયા છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, તેઓ ગરીબો અને ખેડૂતોની પીડાને સમજે છે કારણ કે તેઓ ગરીબીમાં જન્મ્યા છે. મોદીએ કહ્યું હતું કે, વિરોધ પક્ષો અમને કહેતા હતા કે, ચૂંટણીમાં કાળા નાણાં અંગે મોટી મોટી વાતો કરતા હતા પરંતુ કાળા નાણા ક્યા છે, કાળા નાણાં ક્યારે આવશે, કાળા નાણા આવશે કે નહીં. વાસ્તવિકતાને દબાવી દેવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા પરંતુ સરકાર બન્યા બાદ પ્રથમ કેબિનેટ બેઠકમાં એસઆઈટી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. હવે સુપ્રીમ કોર્ટમાં પણ એસઆઈટી સતતઅહેવાલ આપી રહી છે. બ્લેક મનીના મુદ્દા પર વિશ્વના દેશોનો સંપર્ક કરવામાં આવ્યો છે. જી-૨૦ સમિટમાં દુનિયાના શક્તિશાળી દેશોએ બ્લેક મની ઉપર ભારતની દરખાસ્તને સ્વીકારી હતી. બજેટમાં પણ કાળા નાણાને લઈને નવા કાયદાની વાત કરવામાં આવી હતી. સંસદ સત્રમાં આ બિલ રજૂ કરાયું હતું. મોદીએ કહ્યું હતું કે, સરકારનો હેતુ કાળા નાણાને પરત લાવવાનો નથી બલ્કે કોઈ કાળા નાણા દેશની બહાર લઈ જવાની હિંમત ન કરે તેનો પણ છે. મોદીએ કોલસા કૌભાંડને લઈને અગાઉની સરકારો ઉપર પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, પહેલા કોલસામાં હાથ મુકવામાં આવતા કેટલાક લોકોની તિજોરી ભરાઈ ગઈ હતી પરંતુ અમે કોલસામાં હાથ નાખ્યા બાદ તેને હિરા તરીકે બનાવી રહ્યા છે. ૨૦૪ પૈકી ૨૦ કોલસા ખાણની હરાજી થઈ છે. આમાથી બે લાખ કરોડથી વધુની રકમ મળી ગઈ છે. સ્પેક્ટ્રમ હરાજીમાં પારદર્શકતા રાખવામાં આવી છે. હરાજીથી દેશને એક લાખ કરોડ રૂપિયા મળી રહ્યા છે. મોદીએ અન્ય વિવિધ મુદ્દાઓ ઉપર વાત કરી હતી. દેશના ધ્વજની વાત કરતા તેમણે કહ્યું હતું કે, દેશના ધ્વજના ચાર રંગ રહેલા છે જેમાં લીલા, સફેદ, કેરસિયા અને ચક્રના રંગની વાત કરી હતી. આ ચાર સ્વરુપમાં દેશમાં ક્રાંતિ લાવવામાં આવશે. લીલા રંગથી લીલીક્રાંતિ, સફેદ રંગથી શ્વેતક્રાંતિ, કેસરિયા રંગથી ઉર્જાક્રાંતિ અને બ્લુ રંગથી દરિયાઇ ક્રાંતિ લાવવામાં આવશે. મોદીએ કહ્યં હતું કે, જમીન સુધારા કાયદા ઉપર અમે કામ કરવા માંગીએ છીએ અને ખેડૂતોને વધુ લાભ આપવા ઈચ્છુક છે જેથી તેમને પરત જોવાની જરૂર ન પડે.



## ગિરીરાજ સિંહ સામે કાનપુર કોર્ટમાં એફઆઈઆર દાખલ કરાઈ

કાનપુર,તા. ૩

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય પ્રધાન ગિરીરાજસિંહ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સામે વિવાદાસ્પદ વ્હાઈટ સ્કીન સુચનને લઈને ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. યુવા કોંગ્રેસના કાનપુર એકમે ગિરીરાજ સિંહ સામે એફઆઈઆર દાખલ કરી દીધી છે. બિહારમાં સ્થાનિક અદાલતે ગુરુવારના દિવસે ગિરીરાજ સિંહ સામે એફઆઈઆર દાખલ કરવાનો આદેશ કર્યો હતો. કોંગ્રેસે વારંવાર ગિરીરાજ સિંહના નિવેદન સામે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. યુવા કોંગ્રેસ અને મહિલા કોંગ્રેસના કાર્યકરોએ તેમના રાજીનામાની માંગણી કરીને બેંગ્લોર અને દેશના અન્ય ભાગોમાં દેખાવો કર્યા હતા. દિલ્હી એકમે પણ રાષ્ટ્રીય પાટનગરમાં સિંહના નિવાસસ્થાન બહાર જોરદાર દેખાવો કર્યા હતા. જો કે, ભાજપે કહ્યું છે કે, આ મામલો પુર્ણ થઈ ચુક્યો છે. બુધવારના દિવસે ગિરીરાજે સોનિયા ગાંધીના સંદર્ભમાં વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. જો કે, સોનિયા ગાંધીએ આ સંદર્ભમાં કોઈપણ પ્રતિક્રિયા આપી નથી. સોનિયા ગાંધી કહી ચુક્યા છે કે તેઓ આ પ્રકારની સંકુચિત વિચારધારા ધરાવનાર લોકો અંગે કોઈ ટિપ્પણી કરવા ઈચ્છુક નથી. સોનિયા ગાંધીએ છેલ્લા કેટલાક દિવસથી ખેડૂતો સાથે વાતચીત કરવાનો સિલસિલો હાથ ધર્યો છે. બીજી બાજુ કોંગ્રેસના નેતાઓએ ગિરીરાજ સામે જોરદાર આક્ષેપબાજીનો દોર જારી રાખ્યો હતો. ગિરીરાજ સિંહે હાલમાં જ કહ્યું હતું કે, વ્હાઈટ સ્કીનના કારણે સોનિયા ગાંધીને કોંગ્રેસમાં વધારે મહત્વ આપવામાં આવેલું છે. જો કે, આના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. બિહારમાં હાજીપુરમાં તેમના સમર્થકોની સાથે ગિરીરાજ બેઠા હતા ત્યારે સોનિયા ગાંધીનો મુદ્દો તેમણે ઉઠાવ્યો હતો. જો કે, કોંગ્રેસે આની સામે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો.



## ગોવામાં ટ્રાયલ રૂમમાં ગુપ્ત કેમેરા સ્મૃતિએ અંતે પકડ્યા

પણજી, તા. ૩

કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ પ્રધાન સ્મૃતિ ઈરાનીએ ગોવામાં ફબીનદિયા આઉટલેટના ટ્રાયલ રૂમમાં અથવા તો ચેન્જિંગ રૂમમાં ગુપ્ત કેમેરાઓ પકડી પાડતા સનસનાટી મચી ગઈ છે. જેના પરિણામ સ્વરુપે તંત્રમાં પણ ભારે ભાગદોડ મચી ગઈ હતી. સ્મૃતિ ઈરાનીએ આઉટલેટમાં સીસીટીવી કેમેરા હોવાની ફરિયાદ પોલીસ સમક્ષ કરી હતી. આજે બપોરના ગાળામાં કેન્ડોલિન ખાતે અપમાર્કેટ ચેઈનમાં કેટલાક વસ્ત્રો માટે ટ્રાયલ લેવા માટે તેઓ પહોંચ્યા હતા ત્યારે ટ્રાયલ રૂમની અંદર સીસીટીવી કેમેરા હોવાની બાબત તેમના ધ્યાને આવી હતી. જેથી પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. ટ્રાયલ રૂમની બાજુમાં ફુટહાઈ વેન્ટિલેશન ગેપની સામે દિવાલમાં સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા હતો. સ્મૃતિ ઈરાની તરત જ કુબીકલમાં પહોંચ્યા હતા અને એલાર્મ વગાડીને તેમના પતિને જાણ કરી હતી. તેમના પતિએ સ્ટાફ સાથે



બોલાચાલી કરી હતી અને સીસીટીવી ફોટાઓ બતાવવાની માંગ કરી હતી. ચકાસણી કરવામાં આવતા એવું જાણવા મળ્યું હતું કે, ચેન્જિંગ રૂમમાં ફિલ્મ બની રહી છે. તેમના પતિએ ત્યારબાદ કાલાનગુટેમાં ભાજપના ધારાસભ્ય માઈકલ લોબોને જાણ કરી હતી. પોલીસ અને લોબો પણ તરત પહોંચી ગયા હતા. જ્યાં પીઆઈ નિલેશ રાણેએ સ્મૃતિનું નિવેદન નોંધ્યું હતું. પ્રધાન તરત જ સ્ટોર છોડી ગયા હતા અને બાગામાં તેમના હોટલ રૂમમાં પહોંચ્યા હતા. બાગામાં હાલ તેઓ બે દિવસની ખાનગી મુલાકાતે પહોંચ્યા છે. આ બનાવ ૧૨.૪૨ વાગ્યાની આસપાસ બન્યો હતો. સ્મૃતિ ઈરાનીએ ધારાસભ્ય અને પોલીસને એમ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે, આ ખુબ જ અશોભનીય બાબત હતી. આ બાબત તમામ જગ્યાએ થઈ રહી હશે. આ પ્રકારના વિડિયો તૈયાર કરી લેવામાં આવે છે. સીસીટીવી ફુટેજમાં ચકાસણી કરવામાં આવતા પોલીસને જાણવા મળ્યું હતું કે, છેલ્લા ચાર મહિનાથી ચેન્જિંગ રૂમમાં મહિલાઓના વિડિયો બની રહ્યા હતા. કેન્દ્રીય પ્રધાન તરફથી ધારાસભ્યએ ફરિયાદ નોંધાવી હતી. આ સંદર્ભમાં કલમ ૩૫૪ હેઠળ ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરાઈ છે. સ્ટાફના લોકોની પણ પુછપરછ કરવામાં આવી રહી છે.

**ભાજપના સાંસદ યોગી આદિત્યનાથની નવી માંગ**

## ગાયને રાષ્ટ્ર માતા તરીકે જાહેર કરવા માટેની માંગ

નવીદિલ્હી, તા. ૩

ભાજપના સ્ટાર પ્રચારક અને જુદા જુદા નિવેદનો કરીને વારંવાર ચર્ચા છેડનાર યોગી આદિત્યનાથે હવે ગાયને રાષ્ટ્રમાતા તરીકે જાહેર કરવાની માંગણી કરી છે. ઘરવાપસી માટે સમર્થન સહિત હિન્દુત્વની વિચારધારાને મજબૂતરીતે ટેકો આપી ચર્ચા જગાવી ચુકેલા યોગી આદિત્યનાથે હવે ગાય ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેઓએ નવી ચર્ચા છેડી દીધી છે. ગૌરી અને ગણેશની મૂર્તિઓ સ્થાપિત કરવાની ઈચ્છા પણ તેઓએ વ્યક્ત કરી છે. અગાઉ તેઓએ દરેક ભારતીય મસ્જિદમાં ગૌરી અને ગણેશની મૂર્તિઓ સ્થાપિત કરવાની માંગણી કરી હતી. હવે તેઓએ ગાયને રાષ્ટ્રમાતા તરીકે જાહેર કરવાની માંગ કરીને નવી ચર્ચા જગાવી છે. આદિત્યનાથના નેતૃત્વમાં હિન્દુ યુવા વાહિનીએ રાષ્ટ્રમાતા તરીકે ગાયને જાહેર કરવા અપીલ કરી છે. ભાજપની મિસ્કોલ દ્વારા સભ્ય બનાવવાની ઝુંબેશની સફળતાથી પ્રેરિત થઈને વાહિનીએ આવી યુક્તિ અજમાવી છે. આદિત્યનાથે કહ્યું છે કે, ગાય સનાથન ધર્મ કી પહચાન હે.

આમા કોઈ શંકા નથી કે ભારતની પ્રાચીન માન્યતા સાથે તેના સીધા સંબંધ રહેલા છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે સામાન્ય ચૂંટણીમાં ગયા વર્ષે ઐતિહાસિક જીત મેળવી હતી. પાર્ટીએ કેટલાક રાજ્યોમાં શાનદાર દેખાવ કર્યો હતો. ગૌ જતન માટે ચળવળ પણ ચલાવી હતી. મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વમાં સરકારે ગૌ હત્યા પર પ્રતિબંધ મુકવાનો કાયદો પણ અમલમાં મુક્યો છે. હરિયાણામાં પણ હવે ભાજપ સરકાર છે જ્યાં ગૌ હત્યા પર પ્રતિબંધ મુકાયો છે. કાયદાનો ભંગ કરનાર સામે ૧૦ વર્ષની જેલની સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે. ભારત-બાંગ્લાદેશ સરહદ ઉપર બીએસએફ સ્ટેશનની મુલાકાત લીધા બાદ ગૃહમંત્રી રાજનાથસિંહે પણ ગૌ હત્યાને રોકવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આદિત્યનાથે હવે નવી ચર્ચા જગાવી છે. ભાજપે સભ્ય નોંધણી ઝુંબેશ મોટાપાયે હાથ ધરી છે જેને મોટી સફળતા મળી છે.

## ભારત-થાઈલેન્ડ સંરક્ષણ સહકાર વધારવા સહમત

બેંગકોક, તા. ૩

ભારત અને થાઈલેન્ડ સંરક્ષણ સહકારને વધારવા માટે આજે સહમત થયા હતા. મેરિટાઈમ સિક્યુરિટી, કાઉન્ટર ટેરેરિઝમ સહિતના ક્ષેત્રમાં સહકાર વધારવા અને સંરક્ષણને વધારવા બંને દેશો આજે રાજી થયા હતા. થાઈલેન્ડ અને ભારતના નેતાઓએ વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરી છે. નવી સરકારની એક્ટ ઈસ્ટ પોલિસીને થાઈલેન્ડના નેતાઓએ ટેકો આપ્યો છે. થાઈલેન્ડ ભારત અંગે ખુબ જ હકારાત્મક છે. થાઈલેન્ડના નેતા ભારતને શક્તિશાળી દેશ તરીકે ગણે છે. થાઈલેન્ડના વડાપ્રધાન હાલમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. ૨૦૦૩માં બ્રિજેશ મિશ્રાએ સૌથી પહેલા થાઈલેન્ડની મુલાકાત લીધી હતી. ભારતીય એનએસએ તરીકે તેઓએ થાઈલેન્ડની મુલાકાત લીધી હતી. હાલમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોઅલ થાઈલેન્ડની યાત્રા ઉપર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે રહેલા દોવલે કહ્યું છે કે, આતંકવાદી ગતિવિધિને રોકવા, સંરક્ષણ ઉત્પાદનને વધારવા અને અન્ય મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ છે.

## ઝેલમ રૌદ્ર સ્વરૂપમાં : ભારે વરસાદથી ફરી ચિંતાનું મોજુ

### ભારે વરસાદ જારી રહેવાના પરિણામે લોકોની અને તંત્રની ઉંઘ હરામ : નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થયા

શ્રીનગર,તા. ૩

જમ્મુ કાશ્મીરમાં ભારે વરસાદ જારી રહ્યો છે. જેના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ગુરૂવારે રાત્રે અને આજે સવારે જોરદાર વરસાદ જારી રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે ઝેલમ નદીમાં



પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર બચાવ અને રાહત કામગીરી પર નજર રાખી રહ્યા છે. સતત વરસાદના કારણે લોકોની તકલીફ ઓછી થઈ રહી નથી. હજુ સુધી ૧૮ લોકોના મોત થયા છે. હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. ભારે વરસાદના કારણે કાશ્મીરમાં પુરનુ સંકટ સંપૂર્ણપણે હજુ પણ ટળ્યું નથી. જેથી લોકો ભારે ચિંતાતુર બનેલા છે. ભારે વરસાદના લીધે રાજ્યની ઝેલમ અને અન્ય સહાયક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તર સુધી પહોંચી ગઈ છે. લોકોની ચિંતા ઓછી થઈ રહી નથી. આજે રાત્રભર ભારે વરસાદ જારી રહ્યો હતો. જેથી નદીના કિનારે રહેતા લોકો અને નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકો ઉંઘી શક્યા ન હતા. ઝેલમ નદીના કિનારે આવેલા વિસ્તારમાં લોકો જાગીને રાત કાઢવા મજબુર થયા હતા. સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ દ્વારા તકેદારી રાખવામાં આવી રહી છે. જુદા જુદા વિસ્તારોમાંથી ૨૫૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. વરસાદ જારી રહેવાના કારણે બચાવ અને રાહત કામગીરી આડે પણ અડચણો આવી રહી છે. રોગચાળાનો ખતરો પણ હવે તોળાઈ રહ્યો છે. જમ્મુ કાશ્મીરમાં પુરની સ્થિતીમાં સુધારો થાય તે પહેલાજ નવેસરથી ભારે વરસાદના કારણે ફરી સંકટના વાદળો ઘેરાઈ ગયા છે.નીચાણવાળા વિસ્તાર સહિત મોટા ભાગના વિસ્તારોમાં હજુ પણ પાણી ભરાયેલા છે. બીજી બાજુ પુરગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જમ્મુ કાશ્મીરમાં પુરની સ્થિતી હજુ પણ ગંભીર બનેલી છે.લાખો લોકો સામે નવી આફત આવી ગઈ છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. છેલ્લા કેટલાક દિવસથી અતિ ભારે વરસાદના કારણે સ્થિતી ખરાબ થઈ હતી.

## લખનૌ : ટોળાને વિખેરવા માટે ડ્રોનનો ઉપયોગ થશે

લખનૌ,તા. ૩

ઉત્તર પ્રદેશના પાટનગર લખનૌમાં ડ્રોનની હવે વિશેષરીતે સેવા લેવામાં આવશે. ટોળાને વિખેરવા માટે લખનૌ પોલીસ દ્વારા હવે ટ્રોનનો ઉપયોગ કરવામાં આવશે. પ્રથમ વખત આ પ્રકારના પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. લખનૌમાં વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, બે કિલોગ્રામ વજન ઉચકી શકે તેવી ક્ષમતા સાથે પાંચ ડ્રોન કેમેરાઓની ખરીદી કરવામાં આવી છે. આનો ઉપયોગ કોઈપણ મુશ્કેલ સ્થિતિમાં તોફાની ટોળાને અલગ કરવામાં આવશે. આમા વિશેષ પ્રકારના પાવડરનો જથ્થો જશે જેનો ઉપયોગ કરવામાં આવશે. ગયા વર્ષે પ્રથમ વખત વહીવટીતંત્ર દ્વારા આનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત લખનૌમાં મહોત્સવ અને પ્રજાસત્તાકની પરેડમાં પણ તેનો ઉપયોગ કરાયો હતો. ।જકાલમાં વનડે ક્રિકેટ દરમિયાન પણ તેનો ઉપયોગ થવા લાગ્યો છે. આ સંદર્ભમાં વધારે માહિતી આપવામાં આવી નથી. લખનૌ પોલીસ હાઈટેક ગેજેટ મેળવનાર પ્રથમ પોલીસ ટુકડી બનશે. ગુનાઓને રોકવામાં ડ્રોનનો ઉપયોગ કરાશે.

## વર્ષ ૨૦૨૪ ઓલિમ્પિક માટે ભારત બીડ કરે તેવી સંભાવના

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટિ વડા થોમસ બાક સાથે આ મહિનામાં જ ચર્ચા હાથ ધરશે

બેંગ્લોર, તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને



આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિકના પ્રમુખ થોમસ બાક નવી દિલ્હીમાં આ મહિનામાં જ મળનાર છે જેમાં ૨૦૨૪માં ઓલિમ્પિક રમોતોત્સવ માટે ભારત બીડ કરી શકે છે તે મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવશે. મોદી સરકાર ઓલિમ્પિક યોજવા માટે ભારતની શક્યતામાં ચકાસણી કરી રહી છે. મોદી અને બાક વચ્ચેની વાતચીતમાં આ મુદ્દો છવાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ૨૭મી એપ્રિલના દિવસે ભારત પહોંચી રહેલા બાક ભારતને લઈને ખુબ જ આશાવાદી બનેલા છે. ગેમ્સ માટે ભારત બીડ કરે તેવી શક્યતા પણ દેખી રહી છે. ૧.૨ અબજ લોકોની વસ્તી ધરાવતા દેશમાં લોકો ઓલિમ્પિકની ઈચ્છા રાખે તે સ્વભાવિક છે. મિડિયામાં પ્રકાશિત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદને બીડ માટે યજમાન શહેર તરીકે પસંદ કરવામાં આવી શકે છે. જો કે, આ અહેવાલને સમર્થન મળી રહ્યું નથી. મોદી ઓલિમ્પિક યોજવા માટે ચોક્કસપણે ઉત્સુક દેખાઈ રહ્યા છે. ૨૦૧૦માં કોમનવેલ્થ રમોતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ આને લઈને એક પછી એક વિવાદો સપાટી ઉપર આવ્યા હતા. આ પ્રકારના આયોજન કરવાની સરકારની ઈચ્છા ન હતી. સૂત્રોનું કહેવું છે કે, ખર્ચ, નાણાંકીય અસર અને અન્ય વિગતોમાં માહિતી મેળવવાના પ્રયાસ થઈ રહ્યા છે.

બાકનું કહેવું છે કે, ૨૦૨૦ના ઓલિમ્પિક કોઈ અન્ય એશિયન શહેરમાં યોજાશે. ભારત ૨૦૨૪માં આનુ આયોજન કરે તેમાં સમર્થન મળી શકે છે. અમેરિકા અને જર્મની પણ અન્ય પ્રબળ દાવેદારો રહેલા છે. આ દેશો પહેલાથી જ ઓલિમ્પિકનું આયોજન કરી ચુક્યા છે. ભારત પણ હવે દાવેદારી કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ગયા સપ્તાહમાં જ બાકને કેન્દ્ર સરકાર તરફથી વિધિવત આમંત્રણ અપાયું હતું. રોમ, બોસ્ટન અને હેમ્બર્ગ પહેલાથી જ સ્પર્ધામાં છે. આ વખતે નૈરોબી, મોરોક્કો, કતાર, પેરિસ, પીટર્સબર્ગ પણ દાવેદારોમાં સામેલ છે. આઈઓસીની કારોબારી સમિતિના આગામી વર્ષે માર્ચમાં અરજીદાર શહેરો અંગે ચર્ચા કરાશે.

**શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)**

● સંસ્કૃત ભારતી દ્વારા સંસ્કૃત સંમેલન યોજાયું

સંસ્કૃત ભારતી દ્વારા સંસ્કૃતના પ્રચાર માટે અમદાવાદમાં ગુજરાત વિદ્યાસભાના એચ કે. સભાગારમાં સંસ્કૃત સંમેલન યોજાયું હતું જેમાં (૧) ગુજરાત વિદ્યાસભા (૨) એકલવ્ય સંસ્કૃત એકેડમી (૩) દર્શનમ્ સંસ્કૃતિ પ્રતિષ્ઠાનમ્ (૪) ભાગવત વિદ્યાપીઠ ટ્રસ્ટ (૫) હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળા (૬) બૃહદ્ ગુજરાતી સંસ્કૃત પરિચય એમ છ ટ્રસ્ટો દ્વારા આયોજન થયું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા (શિક્ષણમંત્રી ગુ.રા) હતા. અતિથિ વિશેષ પદ્મશ્રી બી.વી. દોશીજી (અધ્યક્ષ ગુજરાત વિધાનસભા) અતિથિ અજય ઉમટ (તંત્રી નવગુજરાત સમય) અને મુખ્ય વક્તા નંદકુમાર અખિલ ભારતીય મહામંત્રી સંસ્કૃત ભારતીઔએ સંસ્કૃતના મહત્ત્વ વિશે વાત કરી હતી. સંમેલનના સચિવ અરુણ ઓઝાએ બધાનો આભાર માન્યો હતો. સંમેલન અંતર્ગત શોભાયાત્રા તથા પ્રદર્શનનું પણ આયોજન કરાયું હતું.

● અસ્મિતા પર્વ - ૧૮ ઉજવાયું.

મહુવા ખાતે મોરારી બાપુની નિશ્રામાં કેટલાક જાણીતા સાહિત્યકારો, કલાકારો અને ભાવકોની ઉપસ્થિતિમાં ૧ એપ્રિલથી ૪ એપ્રિલ સુધી અસ્મિતા પર્વ ઉજવાયું ગયું.

## યમનથી વધુ ૩૦૬ ભારતીય લોકો રવાના

નવી દિલ્હી,તા. ૩

યુદ્ધગ્રસ્ત યમનમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિતરીતે ખસેડી લેવા માટે મોટા પાયે સ્થળાંતર ઓપરેશન જારી રહ્યુ છે. ૩૫૮ ભારતીય લોકોને લવાયા બાદ હવે યમનમાંથી બીજા ૩૦૬ ભારતીય લોકો રવાના થયા છે. તેમના માટે તમામ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ભારતીયોને કોઈ તકલીફ ન થાય તે માટે આયોજન કરવામાં આવ્યું છે. યમનના પશ્ચિમી દરિયાકાંઠાથી રવાના થયેલા ૩૦૬ ભારતીયોમાં ૨૫૧ પુરૂષો, ૩૮ મહિલાઓ અને ૧૭ બાળકોનો સમાવેશ થાય છે. તેઓ આઈએનએસ સુમિત્રા મારફતે રવાના થયા છે. યમનમાં હાલ લડાઈ ચાલી રહી છે. ૨૨મી જાન્યુઆરી બાદથી યમનમાં લડાઈ જારી છે. સાઉદી દ્વારા હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે યમનમાંથી ખસેડવામાં આવેલા ભારતીય નાગરિકોની બે ટુકડી ગઈકાલે વહેલી પરોઢે સ્વદેશ પરત ફરતા મોટી રાહત થઈ હતી. તેમના પરિવારના સભ્યોમાં પણ ખુશી અને રાહતનુ મોજુ ફરી વળ્યું હતુ. ૧૬૮ ભારતીય નાગરિકો સાથેનુ ઈન્ડિયન એરફોર્સનુ વિમાન વહેલી પરોઢે બે વાગે કોચી વિમાનીમથકે ઉતર્યુ હતુ. જ્યારે ૧૯૦ યાત્રી સાથેનુ સી-૧૭ ગ્લોબ માસ્ટર વિમાન મુંબઈમાં પહોંચી ગયુ હતુ. વિમાનીમથકે તેમના સગાસંબધી પહોંચ્યા હતા. ભારે ભાવનાશીલ દ્રષ્યો સર્જાયા હતા. યુદ્ધગ્રસ્ત યમનમાં ફસાયેલા ભારતીય લોકોને લઈને મોદી સરકાર ખુબ જ ગંભીર બનેલી છે. ભારતીય લોકોને સુરક્ષિત ખસેડી લેવાના પ્રયાસ યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. ૪૦૦થી વધુ ભારતીયોને સુરક્ષિતરીતે ખસેડી લેવામાં આવ્યા છે. હવે બીજા સેંકડો લોકોને ખસેડી લેવામાં આવ્યા છે. પરંતુ હજુ પણ ૪૦૦૦થી વધારે લોકો ફસાયેલા છે. તેઓ મદદની રાહ જોઈ રહ્યા છે. તેમની મદદ કરવા માટે સરકાર સતત પ્રયાસ કરી રહી છે. કટોકટીનો સામનો કરી રહેલા યમનમાંથી લોકોને ખસેડી લેવાની પ્રક્રિયા ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યમનમાંથી ભારતીય લોકોને ખસેડી લેવા માટે સાઉદી અરેબિયા પાસેથી મદદની માંગ કરી છે.

## ગોવાના પ્રધાન પચેકોનું કેબિનેટમાંથી રાજીનામુ

પણજી, તા. ૩

સરકારી કર્મચારીને માર મારવા અને તમાચા મારવાના મામલામાં અપરાધી ઠેરવેલા ગોવાના ગ્રામીણ વિકાસ પ્રધાન ફ્રાન્સિસ્કો નિક્કી પચેકોને સુપ્રીમ કોર્ટ દ્વારા પણ દોષિત ઠેરવતા આજે કેબિનેટમાંથી રાજીનામુ આપી દીધું હતું. ગોવામાં ભાજપના નેતૃત્વમાં સરકારને વધારે ટિકાટિપ્પણી અને આક્ષેપબાજીનો સામનો કરવો પડે તેમ તેઓ ઈચ્છતા નથી. આજ કારણસર કેબિનેટમાંથી તેઓએ રાજીનામુ આપી દીધું છે. ગોવા વિકાસ પાર્ટી સાથે જોડાયેલા પચેકોનું કહેવું છે કે, તેઓએ મુખ્યમંત્રી લક્ષ્મીકાંત પારસેકરને તેમનું રાજીનામુ મોકલી દીધું છે. પારસેકર હાલમાં ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં હાજરી આપવા માટે બેંગ્લોર પહોંચ્યા છે. મુખ્યમંત્રીની ઓફિસનું કહેવું છે કે, પચેકોનું રાજીનામુ મળી ગયું છે અને રાજીનામાને રાજ્યપાલને સોંપી દેવાયું છે.